પેટ્રોલની કિંમતમાં લીટરદીઠ બે રૂપિયાનો ઘટાડો

ડિઝલની કિંમતમાં કોઈ ફેરફાર ન કરવાનો નિર્ણય લેવાયો : આંતરરાષ્ટ્રીય બજારમાં સ્થિતી હળવી બનતા ઓઈલ માર્કેટિંગ કંપનીઓનો નિર્ણય : કિંમતમાં કરવામાં આવેલો ઘટાડો તાત્કાલિક ધોરણે અમલી બન્યો

નવી દિલ્હી,તા.૧૫

આંતરરાષ્ટ્રીય બજારમાં સ્થિતી હળવી બનતા આજે ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ પેટ્રોલની કિંમતમાં લોકલ ટેક્સ અથવા વેટ સિવાય લીટરદીઠ રૂપિયા બે સુધીનો ઘટાડો કર્યો હતો. આની સાથે જ તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને મોટી રાહત મળી હતી. આજના ભાવ ઘટાડાની સાથે જ અમદાવાદમાં પેટ્રોલની કિંમત હવેઘટીને લીટરદીઠ ૭૧.૮૪ થઈ ગઈ છે. આવી જ રીતે સૂરત, રાજકોટ અને વડોદરામાંપણ ભાવમાંઘાટડોથઈ ગયો છે. છેલ્લા ઘણા સમયથી ભાવ વધારાને લઈને જોરદાર વિરોધ થઈ રહ્યો હતો. લોકલ સેલટેક્સ અથવા વેટને બાદબાકી કરતા પેટ્રોલની કિંમતમાં રૂપિયા બેનો ઘટાડો કરવામાં આવ્યો હતો. ડિઝલની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. વેટ સહિત બાદ દિલ્હીમાંપેટ્રોલની કિંમતમાં ઘટાડો લીટરદીઠ ૨.૪૦ થઈ ગયો છે. આની સાથે જ દિલ્હીમાં પેટ્રોલની કિંમત ઘટીને હવે ૬૮.૩૪ થઈ ગઈ છે. જેહાલમાં ૭૦.૭૪ હતી. એમ માનવામાં આવે છે કે ઓઈલ કંપનીઓ ડિઝલની કિંમતમાં ૪૦-૫૦ પૈસા પ્રતિલીટરનો માસિક વધારો અમલી બનાવશે પરંતુ આને આજે સરકારને સંસદમાં મુશ્કેલીનો સામનો ન કરવનો પડે તે હેતુથી ટાળી દેવામાં આવ્યો હતો.

ભાવમાં કરવામાંઆવેલોઘટાડો તાત્કાલિક ધોરણે અમલી બનાવવામાં આવ્યો છે.ફેબ્રુઆરી બાદથી રેટમાં વધારાના બે રાઉન્ડ બાદ પેટ્રોલની કિંમતમાં ફરી ઘટાડો કરવામાં આવ્યો છે. પેટ્રોલની કિંમતમાં છેલ્લે ૧૬મી ફેબ્રુઆરીના દિવસે લીટરદીઠ રૂપિયા ૧.૫૦નો વધારો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ બીજી વખત બીજી માર્ચના દિવસે લીટરદીઠ ૧.૪૦ રૂપિયાનો વધારો કર્યો હતો.

અફઝલ અંગે પાકિસ્તાનના વલણ સામે ભારત લાલઘૂમ

નવી દિલ્હી,તા.૧૫

ભારતીય સંસદ પર હુમલાના અપરાધી અફઝલ ગુરુને ફાંસી આપવાની ટિકા કરવા અને તેના મૃતદેહને તેના પરિવારના સભ્યોને સોંપવાની માંગ કરતા પાકિસ્તાની નેશનલ એસેમ્બલીને ઠરાવને સંસદે આજે ફગાવી દીધો હતો અને આની જોરદાર ઝાટકણી કાઢી હતી. પાકિસ્તાની સંસદ રાષ્ટ્રીય સભામાં પાસ થયેલા ઠરાવને લઈને ભારતીય સંસદમાં આજે ભારે હોબાળો મચી ગયો હતો. લોકસભામાં પાકિસ્તાનની સામે સર્વસંમતિ સાથે એક પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો જેમાં પાકિસ્તાનના પ્રસ્તાવને ફગાવી દેવામાં આવ્યો હતો. સાથે સાથે પાકિસ્તાનને આવી હરકત ન કરવા પણ સલાહ આપવામાં આવી છે. અફઝલ ગુરુને ફાંસી આપવાના પાકિસ્તાની રાષ્ટ્રીય સભા દ્વારા પસાર કરવામાં આવેલા ઠરાવને ફગાવી દઈને ભારત સરકારે સાફ શબ્દોમાં કહ્યુ છે કે ભારતની આંતરિક બાબતોમાં પાકિસ્તાને દરમિયાનગીરી કરવાના પ્રયાસ કર્યા છે. આતંકવાદી તત્વો અને કટ્ટરપંથીઓને ટેકો આપવાના આવા કૃત્યોથી દૂર રહેવા પાકિસ્તાનને ચેતવણી પણ આપવામાં આવી છે. લોકસભા અને રાજ્યસભા બંનેમાં એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો જેમાજણાવાયુ હતુ કે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ઘણી પ્રવૃત્તિ ચાલી રહી છે. બીજાબાજુ પાકિસ્તાન ભારતનો એક અખંડ ભાગ છે. ભારતની આંતરિક બાબતોમાં દરમિયાનગીરી કરવાના કોઈ પણ પ્રયાસને ચલાવી લેવામાં આવશે નહીં. તેની જમીન પરથી આતંકવાદીઓને મંજુરી ન આપવા તેની કટિબદ્ધતા પાળવા માટે પણ પાકિસ્તાનને કહેવામાં આવ્યુ છે. ગૃહે ૧૪મી માર્ચ ૨૦૧૩ના દિવસે પાકિસ્તાનની રાષ્ટ્રીય સભા દ્વારા પસાર કરવામાં આવેલા ઠરાવને ફગાવી દઈને કહ્યુ છે કે આ ઘટનાક્રમ અંગે ચિંતા રાખવાની જરૂર નથી.

બંને ગૃહો ભારતના આંતરિક મામલાઓમાં પાકિસ્તાને કરેલી દરમિયાનગીરી સામે જોરદાર વાંધો ઉઠાવ્યો હતો. લોકસભામાં અધ્યક્ષ મીરાકુમાર અને રાજ્યસભામાં અધ્યક્ષ હમિદ અંસારીએ આ ઠરાવ ગૃહમાં વાચ્યો હતો. ભારતીય સંસદ પર થયેલા હુમલાના મામલામાં પાકિસ્તાન દ્વારા પસાર કરવામાં આવેલા ઠરાવને લઈને આજે ભારે હોબાળો રહ્યો હતો. રાજ્ય સભામાં વિપક્ષના નેતા અરૂણ જેટલીએ પણ તર્કદાર દલીલો કરીને પાકિસ્તાને ટિકા કરી હતી.

પાકિસ્તાન સાથેની હોકી શ્રેણીને રદ્દ કરવા નિર્ણય

નવી દિલ્હી,તા.૧૫

ભારત અને પાકિસ્તાન વચ્ચે આગામી મહિનામાં યોજાનારી હોકી શ્રેણી રદ્દ કરી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભારતીય વિદેશ મંત્રાલય દ્વારા આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિદેશ મંત્રાલય દ્વારા આજે વિધિવતરીતે આ અંગેના નિર્ણયમાં જાહેરાત કરી હતી. વિદેશ મંત્રાલયનો આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે પાકિસ્તાનની નેશનલ એસેમ્બલીએ પ્રસ્તાવ પસાર કરીને તિહાર જેલમાં ગયા મહિને સંસદ પર હુમલાના અપરાધી અફઝલ ગુરુને ફાંસી આપવાની ટિકા કરી હતી. ભારત અને પાકિસ્તાન વચ્ચે પાંચ મેચોની હોકી શ્રેણી પાંચમી થી ૧૫મી એપ્રિલ દરમિયાન રમાનારી હતી ત્યાર બાદ ભારતને પાકિસ્તાનનો પ્રવાસ કરીને ત્યાં રમાનારી હોકી શ્રેણીના બીજા તબક્કામાં ભાગ લેવાની જરૂર હતી. હોકી ઈન્ડિયાના મહાસચિવ નરેન્દર બત્રાએ કહ્યુ છે કે આ શ્રેણીને રમતગમત મંત્રાલય અને ગૃહ મંત્રાલય દ્વારા મંજુરી આપવામાં આવી હતી પરંતુ વિદેશ મંત્રાલયે અમને જાણ કરી છે કે આ સૂચિત શ્રેણી રદ્દ કરી દેવામાં આવી છે. અફઝલ ગુરુને ૧૩મી ડિસેમ્બર ૨૦૦૧ના દિવસે ભારતીય સંસદ પર થયેલા હુમલાના કાવતરામાં દોષિત રહેવા બદલ ફાંસીની સજા આપવામાં આવી હતી. ફાંસીની સજા કર્યાના આઠ વર્ષ બાદ ગયા મહિને નવમી ફેબ્રુઆરીના દિવસે અફઝલને તિહાર જેલમાં ફાંસી આપી દેવામાં આવી હતી ત્યાર બાદ તેની ત્યાંજ દફનવિધિ કરવામાં આવી હતી. પાકિસ્તાને ગઈકાલે જ નિવેદન જારી કરીને ફાંસીના મામલાની ટિકા કરી હતી. જેની સામે ભારતે આજે અકરી પ્રતિક્રિયા આપી હતી.

એન્ટી રેપિંગ બિલ અંગે ભાજપ ૧૮મીએ વલણ સ્પષ્ટ કરશે

નવી દિલ્હી,તા.૧૫

એન્ટી રેપીંગ બિલ અંગે ઉતાવળમાં આગળ વધવાનો સરકાર પર આક્ષેપ કરીને ભાજપે આજે કહ્યુ હતુ કે ૧૮મી માર્ચના દિવસે તેની સર્વ પક્ષીય બેઠકમાં પક્ષ આ સૂચિત કાયદા અંગે તેનું વલણ સ્પષ્ટ કરશે. સંસદની બહાર પત્રકારો સાથે વાતચીત કરતા ભાજપના વરિષ્ઠનેતા વેંકૈયા નાયડુએ કહ્યુ હતુકે અમે મજબુત બળાત્કાર વિરોધી કાયદાની તરફેણમાં છીએ. આવા ગુનાઓ કરનાર લોકો સામે કઠોર સજા ફટકારવામાં આવે તેમ અમે ઈચ્છીએ છીએ. સરકાર પર પ્રહાર કરતા તેમણે કહ્યુ હતુ કે સરકાર ઉતાવળમાં આગળ વધી રહી છે. આ જ દિશામાં સરકારે સૌથી પહેલા વટહુકમ જારી કર્યો હતો અને વટ હુકમમાં ફેરફાર કરવા ઈચ્છુક છે. હવે સરકારે ચર્ચા પ્રક્રિયા શરૂ કરી છે. આ ચર્ચા પ્રક્રિયા ખૂબ પહેલા શરૂ કરવા જરૂર હતી. સર્વપક્ષીય બેઠકમાં ભાજપ પોતાનું વલણ સ્પષ્ટ કરશે. અમે આ મુદ્દે બિલકુલ સ્પષ્ટ છીએ. આ બિલને મહિલા વિરોધી ગણાવીને સમાજવાદી પાર્ટીના નેતા નરેશ અગ્રવાલે કહ્યુ હતુ કે આ બિલને અમલી બનાવ્યા બાદ કંપનીઓને મહિલાઓને નોકરી પર લેવાની બાબત ખૂબજ અડચણરૂપ બની જશે. આમાં ચોક્કસ કૃત્યો માટે પણ કઠોર જોગવાઈ છે. જેમા વર્તમાન સ્થિતિમાં મહિલાઓ તરફ જોવાની બાબત પણ ગુના હેઠળ છે. સપાના નેતાએ કહ્યુ છે કે આ બિલ મહિલા વિરોધી છે અને મહિલાલક્ષી નથી આનાથી માત્ર મહિલાઓ માટે સમસ્યા સર્જાશે. પુરુષો માટે પણ વિખવાદ ઉભો થશે. રાજ્ય સભાના સાંસદ જાવેદ અખ્તરનું કહેવું છે કે કાયદાના દુરુપોયની તક રહેલી છે. જેથી કાયદાની પરિભાષા ખુબ સારી હોવી જોઈએ. પરંતુ બિલ પરત ખેંચાય તેઓ ઈચ્છતા નથી.

શ્રીનગર અટેક કેસના કુખ્યાત ત્રાસવાદીની થયેલી ધરપકડ

શ્રીનગર,તા. ૧૫

જમ્મુ કાશ્મીરના શ્રીનગરમાં હાલમાં થયેલા સીઆરપીએફ કેમ્પ પર હુમલામાં સામેલ એક આતંકવાદીની ધરપકડ કરી લેવામાં સુરક્ષા દળોને મોટી સફળતા હાથ લાગી છે. આની સાતે જ આ આત્મઘાતી હુમલામાં પાકિસ્તાનની સંડોવણીના નક્કર પુરાવા પણ મળ્યા છે. ઝડપાયેલા ત્રાસવાદીની પુછપરછ ચાલી રહી છે જેથી વધુ મોટી સફળતા મળવાની શક્યતા દેખાઈ રહી છે. શહેરના છટ્ટબાલ વિસ્તારમાંથી આ પાકિસ્તાની ત્રાસવાદીની ધરપકડ કરવામાં આવી હતી. છટ્ટબાલમાં બે પાકિસ્તાની છુપાયેલા છે તેવી બાતમી મળ્યા બાદ ખાસ ઓપરેશન ગ્રુપના જવાનોએ સમગ્ર વિસ્તારને ઘેરી લઈને વ્યાપક તપાસ કામગારી હાથ ધરી હતી. આ તપાસ વેળા અબુ તાલિબ નામના ત્રાસવાદીની ધરપકડ કરી હતી. આ શખ્સ પાકિસ્તાનના મુલતાનનો નિવાસી છે. ગઈકાલે જ્યાં આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો હતો તે સ્થળથી જ્યાંથી ત્રાસવાદીની ધરપકડ કરવામાંઆવી તે સ્થળ નજીક છે. ગઈકાલે કરવામાં આવેલા આત્મઘાતી હુમલામાં સીઆરપીએફના પાંચ જવાનો શહીદ થયા હતા અને અન્ય સાત જવાન ઘાયલ થયા હતા. પાકિસ્તાની ત્રાસવાદીએ પિસ્તોલ સાથે એસઓજીના જવાનો પર ગોળીબાર કર્યો હતો પરંતુ તેની ધરપકડ કરી લેવામાં આવી હતી અને પુછપરછનો સિલસિલો શરૂ થયો હતો. પુછપરછ વેળા ઝડપાયેલા ત્રાસવાદીએ કબુલાત કરી હતી કે તે પાકિસ્તાનના મુલતાનનો નિવાસી છે અને તે સક્રિય હતો. ગઈકાલે કરવામાં આવેલા હુમલા બાદ તરત પાકિસ્તાનમાં તેના આંકાઓને ફોન કરવામાં આવ્યા બાદ ઈન્ટેલિજન્સ દ્વારા તપાસ કરતા ફોનની માહિતી મળી હતી. આ ફોન પકડી પાડવામાં આવ્યા બાદ તેના આધારે તપાસ ચાલી હતી. બુધવારે ક્રિકેટરના વેશમાં આવ્યા હતા અને સીઆરપીએફના કેમ્પ પર ભીષણ હુમલો કર્યો હતો આ હુમલાને અંજામ આપનાર બન્ને ત્રાસવાદીઓ માર્યા ગયા હતા.

ઈટાલીના રાજદૂત ભાગી ન જાય તે માટે એરપોર્ટ પર હાઈએલર્ટ

નવી દિલ્હી, તા. ૧૫

ઈટાલીના રાજદૂત ડેનિયલ મેનસિનીને ભારત છોડવા માટે દેશભરના વિમાની મથકોએ હાઈએલર્ટ જારી કરી દેવામાં આવ્યું છે.

સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટ દ્વારા ઈટાલીના ૨ નૌ સેનિકોને પાછા મોકલવાના ઈટાલી સરકારના ઈનકાર બાદ કોર્ટે પરવાનગી વગર ઈટાલીના રાજદૂતના ભારત છોડવા પર પ્રતિબંધ મુકી દીધો હતો.

બંને નૌ સૈનિકોએ કોર્ટે ચૂંટણીમાં મતદાન કરવા માટેની જવાની પરવાનગી આપી હતી. ઈટાલીના રાજદૂતે તેમને પાછા મોકલવાનું આશ્વાસન પણ આપ્યું હતું. અત્રે એ ઉલ્લેખનીય છે કે ગત વર્ષ ૧૫મી ફેબ્રુઆરી ઈટાલીના જહાજ એનાસિકા લેક્સી પર તૈનાત ૨ નૌસૈનિકોએ ભારતીય માછીમારોની ગોળી મારી હત્યા કરી દીધી હતી.

દરમિયાનમાં ઈટાલીના મેયરે તેના નૌસૈનિકોના હાથે માર્યા ગયેલા કેરળના ૨ માછીમારોના બાળકોને ઈટાલીમાં ભણવાની ઓફર કરીને દુઃખીત પરિવારના સભ્યોના ઘા પર મીઠું ભભરાવવાનું કામ કર્યું છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે પીડીત માછીમારોના પરિવારજન આ મામલે ન્યાયની માંગણી કરી રહ્યા છે.

ટોરંટોના મેયર ઈજાજિયો સ્ટેફને આ અંગે વડાપ્રધાન મનમોહનસિંહને એક પત્ર લખ્યો છે. અગત્યની વાત એ છે કે સ્ટેફન જે શહેરના મેયર છે. એક આરોપી નૌસૈનિક પણ ત્યાંનો રહેવાસી છે. આ પરિસ્થિતિમાં મેયરે કરેલી આ ઓફરમાં પીડિતોને મદદ કરવા કરતાં આરોપી નૌસૈનિકોને બચાવવાની ઈચ્છા વધુ વ્યક્ત થાય છે.

સ્ટેફને વડાપ્રધાનને ચિઠ્ઠી લખીને જણાવ્યું છે કે અમારું સમગ્ર શહેર માછીમારોના એ બદનસીબ બાળકોનું સ્વાગત કરવા માટે તૈયાર છે. તેમમે વધુમાં લખ્યું છે કે જે કંઈપણ થયું તે એને હું અંગત રીતે અને મારા શહેર તરફથી ખેદ વ્યક્ત કરું છું. સ્ટેફને આ પત્રમાં બંને દેશોની જૂની દોસ્તીનો હવાલો આપ્યો છે.

સ્ટેફને લખ્યું છે કે બંને દેશો વચ્ચે મિત્રતા દરેક તબક્કે વિશ્વસનીય તેમજ મજબૂત રહી છે. પત્રમાં દ્વિતિય વિશ્વ યુદ્ધનાં અંતમાં ઈટાલીને સ્વતંત્ર કરાવવામાં ભારતીય સૈનિકોની ભૂમિકાની પ્રશંસા કરવામાં આવી હતી. આ પત્ર ઈટાલીમાં ભારતીય રાજદૂત દેવબ્રત સાહા દ્વારા પી.એમ.ને મોકલવામાં આવી હતી.

શબ્દ સેતુ (પાના નં. ૪ નું ચાલુ)

મૂળજી : આજનો સાહિત્યકાર કીર્તિલોલુપ છે કે કલા ખાતર લખનાર છે? આ બાબતે આપશ્રીનું શું મંતવ્ય છે?

દોલત ભટ્ટ : માણસ એ સાહિત્યકાર એ પોતાની પ્રકૃતિ પ્રમાણે કામ કરે છે. ઘણાં સાહિત્યકાર - લેખકો સાહિત્ય સમર્પિત છે, તેમને કીર્તિની કે કલદારની પડી હોતી નથી. તેમ છતાં, ક્યારેક કોઇ સાહિત્યકાર કીર્તિલોલુપ પણ બની જાય તેવી શક્યતાને નિવારી શકાય નહીં.

મૂળજી : સાંપ્રત સમાજમાં વિકૃતિઓના વધેલ વ્યાપ તથા માનવ મૂલ્યોનાં થઇ રહેલ ધોવાણ અને હનન તરફ સાહિત્ય સર્જકોની જવાબદારી અને કર્તવ્ય અંગે આપશ્રીનું મંતવ્ય જણાવશો?

દોલત ભટ્ટ : વિકૃતિઓ સમાજમાં મૂળભૂત રીતે પડેલી જ છે. વૃત્તિમાંથી પ્રવૃત્તિ જન્મે છે અને પ્રવૃત્તિમાંથી પરિણામ પેદા થાયછે. વિકૃતિ મનોવૃત્તિનો વ્યાય એટલા માટે વધેલો લાગે છે કે, સ્વતંત્રતા સ્વચ્છંદતામાં પરિવર્તિત થઇ છે. જન સમાજમાં લોભ, કામ, ક્રોધ, મોહ, સ્વાર્થ - એ તત્વો મૂળભૂત છે. પહેલાં સમાજ વ્યવસ્થા એવી ગોઠવેલ કે, તેનાં પરિણામે નિયંત્રણ રહેતું હતું. પહેલાં ફળિયું, પોળ, કસ્બો, માઢ, ડહેલા, વંઢાની વ્યવસ્થામાં પાંચથી પચાસનો વસવાટ રહેતો પરિણામે એકબીજાની આંખની શરમે અને બદનામીનાં ભયથી આ વિકૃત્તિઓ પ્રવૃત્ત થઇ સકતી નહોતી. જયારે આ સમાજ વ્યવસ્થા તૂટતાં વિકૃતિઓએ માઝા મૂકી છે.

સાહિત્યકારોનું દાયિત્વ છે કે સ્વતંત્રતા એ સ્વચ્છંદતામાં પરિમણતી અટકે તેવું સુસાહિત્ય સર્જન કરવું, અને આ ધર્મ બને છે. આઝાદી મેળવવામાં કવિઓ, સાહિત્યકારો, પત્રકારોનો મોટો ફાળો હતો. વિકૃતિઓને અમલમાં મૂકવાનો અવકાશ મળે છે, તેને અટકાવવાનો અરથ સમજાય તેવું સાહિત્ય સર્જાય તે જરૂરી છે.

સમાજ જયાં સુધી સ્વચ્છ અને સ્વસ્થ નહીં હોય, ત્યાં સુધી વિકૃતિઓ મટશે નહીં, સાથોસાથ દરેકને સાધુતા સ્પર્શી જાય તેવું નહીં, પરંતુ સ્વતંત્રતાનો ખરો અર્થ જનતા સમજે અને નૈતિક મૂલ્યોનાં પરિઘમાં રહી, સ્વતંત્રતા ભોગવે તે દર્શાવવો અભિગમ હોવો જોઇએ. વેદ - પુરાણોમાં જે કંઇ લખ્યું છે તેનું અર્થઘટન ખરા અર્થમાં થવું જોઇએ. પુરાણો અને પોથીઓ માત્ર પૂજા કરવા માટે નથી, પરંતુ તેમાં પડેલી પ્રજ્ઞા-જ્ઞાનનું દોહન કરી, જનસમાજને નવનીત મળે તે અત્યંત જરૂરી છે. શ્લોકો, દુહા, છંદ, ચોપાઇ, સાખીનું અર્થઘટન સાચા અર્થમાં થવું જોઇએ.

(ક્રમશઃ)

અખિલેશે સત્તામાં એક વર્ષ પૂર્ણ કરતા કાર્યકર ઉત્સાહિત

લખનૌ,તા. ૧૫

ઉત્તરપ્રદેશના યુવા મુખ્યપ્રધાન અખિલેશ યાદવે સત્તામાં સફળ રીતે આજે એક વર્ષ પૂર્ણ કરતા તેમના કાર્યકરો અને સમર્થકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સત્તામાં એક વર્ષ પૂર્ણ થતા જુદા જુદા કાર્યક્રમોનુ આયોજન પણ કરવામાં આવ્યું હતું. સમાજવાદી પાર્ટીના વડા મુલાયમસિંહના પુત્ર અખિલેશ યાદવે ગયા વર્ષે યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં શાનદાર જીત મેળવ્યા બાદ ભ્રષ્ટાચારનો અંત લાવવા અને કાયદો તેમજ વ્યવસ્થાની સ્થિતીને સુધારવા માટે વચન આપ્યું હતું. જો કે તેમની પાર્ટી અને તેમના કાર્યકરોના કામ કરવાની રીતના કારણે લોકો પરેશાન થયા હતા. સત્તામાં પ્રથમ વર્ષે જ અખિલેશ માટે કેટલીક જટિલ સમસ્યા ઉભી થિ હતી. ૪૦ વર્ષીય અખિલેશ યાદવે કાયદાને પોતાના હાથમાં ન લેવાની તેમના પોતાના પક્ષમાં રહેલા તોફાની લોકોને ચૈતવણી આપી હતી. પરંતુ આની કોઇ વધારે અસર જોવા મળી ન હતી. સમાજવાદી પાર્ટીના કાર્યકરોના અનેક હિંસક વર્તનના કારણે લોકોએ સરકાર સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા. તેમના એક વર્ષના ગાળા દરમિયાન કેટલાક એવા બનાવો બની ચુક્યા છે જેથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતી અંગે પ્રશ્ન ઉભા થયા છે. આ ગાળા દરમિયાન ડઝન જેટલી વખત કોમી હિંસાના બનાવો બની ચુક્યા છે. સમાજવાદી પાર્ટીની સરકાર બેરોજગારી ભથ્થા, લેપટોપ, કન્યા વિદ્યાદાન લોન માફી જેવી યોજનામાં સરકાર વધારે આગળ વધી શકી નથી. ઉપરાંત ચૂંટણી વેળા અનેક વચનો આપવામાં આવ્યા હતા જે હજુ સુધી પૂર્ણ થઈ શક્યા નથી. વિજળીની સ્થિતી પણ ચિંતાજનક રહી છે. કોઈ મોટુ મુડીરોકાણ કરવામાં આવ્યું નથી. સરકાર રોકાણકારોમાં વધારે વિશ્વાસ જગાવવામાં નિષ્ફળ સાબિત સાબિત થઈ છે.

યાદવ સરકારે મહાકુંભ મેળામાં શાનદાર વ્યવસ્થા કરી હતી પરંતુ અલ્હાબાદ રેલવે સ્ટેશન ખાતે ભાગદોડના બનાવના કારણે સરકારની પ્રતિષ્ઠાને મોટો ફટકો પડ્યો હતો. વર્ષ ૨૦૧૨માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં સમાજવાદી પાર્ટીએ ૨૨૪ બેઠકો જીતીને જોરદાર સપાટો બોલાવ્યો હતો. ૪૦૩ સભ્યોના ગૃહમાં બહુમતિ મેળવી હતી. સાયકલ રાજ પ્રત્યે ઉત્તરપ્રદેશના મતદારો આશાવાદી હતા પરંતુ અખિલેશ ઘણા મોરચે નિષ્ફળ રહ્યા છે. લોકસભાની ચૂંટણી હવે નજીક રહેલી છે. ૧૫મી માર્ચે લેપટોપનું વિતરણ કરવામાં આવનાર હતુ. વર્ષ ૨૦૧૪માં યોજાનારી ચૂંટણીમાં ઓછામાં ઓછી ૫૦ બેઠક જીતવાની ગણતરી અખિલેશે કરેલી છે જેથી મુલાયમની વડાપ્રધાન બનવાની તકો વધેલી છે.

પંજાબમાં ટ્રક સ્કૂલમાં ઘૂસી જતા બેના મોત

લુધિયાના,તા. ૧૫

પંજાબના લુધિયાનાના બહારના વિસ્તારમાં સ્થિત એક સ્કૂલમાં અતિ ઝડપથી પસાર થઈ રહેલી એક ટ્રકે કાબૂ ગુમાવતા સ્કૂલમાં ઘૂસી જતા બે વિદ્યાર્થીઓના મોત થયા હતા અને અન્ય ચાર વિદ્યાર્થીઓ ઘાયલ થયા હતા. લુધિયાના પોલીસ કમિશનર ઈશ્વરસિંહે કહ્યુ હતુ કે આ દુર્ઘટના જંડીયાદી સ્થિત એક સરકારી ઉચ્ચ સ્કૂલમાં થઈ હતી. તેમણે કહ્યુ હતુ કે આ દુર્ઘટનામાં ઘાયલ થયેલા બાળકોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

મળેલી માહિતી મુજબ ટ્રકે કાબૂ ગુમાવતા આ બનાવ બન્યો હતો ટ્રક સરકારી પ્રાથમિક સ્કૂલની દિવાલ સાથે ટકરાઈ ગઈ હતી. સ્કૂલની દિવાલ તોડીને આ ટ્રક સ્કૂલમાં ઘૂસી ગઈ હતી. આઠ વિદ્યાર્થીઓને નાની મોટી ઈજા થઈ હતી. બેના ઘટનાસ્થળે જ મોત થયા હતા. લુધિયાના પોલીસે ટ્રક ડ્રાઈવર લખબિરસિંહ અને ક્લીનર થાણાસિંહને પકડી પાડ્યા હતા.

એઆઈની ડ્રિમ લાઈનર સેવા એપ્રિલના અંતે શરૂ

નવી દિલ્હી, તા. ૧૫

એર ઈન્ડિયાની ડ્રિમ લાઈનર સેવા પણ એપ્રિલના અંત સુધી ફરી શરૂ કરવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. સપ્તાહના ગાળામાં જ ડ્રિમ લાઈનરે તેની સેવા શરૂ કરવાનો સંકેત આપ્યા બાદ એર ઈન્ડિયા ડ્રિમ લાઈનરની સેવા પણ હવે શરૂ કરવામાં આવનાર છે. બેટરીમાં આગ લાગી જવાની ઘટના બન્યા બાદ જાન્યુઆરી બાદથી યુએસ એવિએશન રેગ્યુલેટરના આદેશના આધાર પર ભારત સહિતના દેશોમાં ડ્રિમ લાઈનરની સેવા બંધ કરવામાં આવી ચુકી છે. બોઈંગ ૭૮૭ ડ્રિમ લાઈનરમાં બેટરી ફાયરની સમસ્યાને ઉકેલવા બોઈંગની યોજનાને યુએસ ફેડરર એવિએશન ઓથોરીટી દ્વારા મંજુરી આપી દેવામાં આવ્યા બાદ સેવા શરૂ થવાના સંકેત દેખાઈ રહ્યા છે. દેશના નાગરિક ઉડ્ડયન રેગ્યુલેટર ડીજીસીએના ડિરેક્ટર જનરલ અરૂણ મિશ્રાએ માહિતી આપતા જણાવ્યું હતુ કે આ સમસ્યાને વહેલીતકે ઉકેલી લેવામાં આવશે. એપ્રિલના અંત સુધી ડ્રિમલાઈનર વિમાની સેવા શરૂ કરી દેવામાં આવશે. બોઈંગ દ્વારા લિથિયમ બેટરી સાથે સંબંધિત સમસ્યાના ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ એર ઈન્ડિયા પાસે રહેલા છ ડ્રિમ લાઈનર પૈકી દરેકમાં નવા બેટરી કીટ સપ્તાહોના ગાળામાં જ ગોઠવી દેવામાં આવશે. સાત દેશોમાં અમેરિકન વિમાન બનાવતી કંપનીઓએ સૂચના આપી દીધી છે. ભારતને ૫૦ ડ્રિમ લાઈનર વિમાન મળનાર છે.

સમાચાર ઝલક

- **અમેરિકન વિઝા કેઝ : વિદ્યાર્થી વિઝામાં ૫૦ ટકાનો વધારો.**
- **સાઇબર કાઇમથી અબજોનું નુકશાન : ઓબામા.**
- **ઉનાળું વેકેશનમાં ટ્રેનોમાં જગ્યા નહિ મળે, જૂન સુધીનાં બુકીંગ ફૂલ.**

  ૧લી એપ્રિલથી ટ્રકનાં પૈડા થંભી જશે, દેશવ્યાપી ટ્રાન્સપોર્ટ હડતાળ.
- **કોંગ્રેસનો માસ્ટર સ્ટોક : 'દેશનાં દરેક જમીન વિહોણા ગરીબને ૧ એકર જમીનનો અધિકાર.'**
- **આગામી ચોમાસું સામાન્ય રહેશે : આગાહી.**
- **ઓસ્ટ્રેલિયન ક્રિકેટર રિકી પોન્ટિંગનો રૂા. ૫૬ કરોડનો આલીશાન બંગલો.**
- **પાકિસ્તાન સામે ભારતનું કડક વલણ, હોકીની રમત રદ્દ કરાઇ, લોકસભામાં પાકિસ્તાની આડખીલીનો સપ્ત વિરોધ સર્વાનુમતે કરાયો.**

  યુનિયન પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષાના માળખાની ફેરફાર સામે પ્રતિબંધ મુકાયો.
- **દહેજ મામલામાં ઓરિસ્સાના પ્રધાન મોહન્તીએ રાજીનામું આપ્યું.**
- **જાટ આંદોલન તેજ બન્યું.**
- **ઇરાકમાં બોંબ ધડાકાથી ૨૪ વ્યક્તિઓનાં મોત.**
- **કુબેરનગરમાં ૪ કારીગરોએ જ ફેકટરીમા આગ લગાવી, ચારેયની પોલીસે ધરપકડ કરી.**
- **૩ લાખ સુધી કૃષિ ધિરાણ પર ગુજરાત સરકાર વ્યાજ માફ કરશે.**
- **મણીપુરમાં બોંબ વિસ્ફોટથી ચાર સીઆરપીએફ જવાનો શહીદ.**
- **દિલ્હીમાં દરરોજ બળાત્કારની બનતી ઘટનાઓ, દિલ્હી સરકારનું તંત્ર લાચાર.**